# 6

## દાહોદ જિલ્લામાં હકક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત

***15/4/584 શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ કેટલી હકક પત્રક નોંધો નિકાલ બાકી છે, | (૧) ૨૯૯૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | (૨) |
| (૩) નામંજૂર કરવાના કારણો શા છે? | (૩) |

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૨૨૯૭૧ |
| મંજુર કરેલ નોંધો | ૧૯૦૫૮ |
| નામંજુર કરેલ નોંધો | ૯૧૯ |

(૩)

| | |
|---|---|
| (૧) | મહેસુલી રેકર્ડ અને પુરાવાઓમાં ખાતેદારના નામ, અટક કે જાતી બાબતે વિસંગતતા હોવાના કારણે નામંજુર કરેલ છે. |
| (૨) | વેચાણના કિસ્સામાં ખેડૂત ખાતેદાર તરીકેના પુરતા પુરાવા ન હોવાના કારણે, તમેજ ટુકડાધારાનો ભંગ થતો હોવાના કારણે નામંજુર થયેલ છે. |
| (૩) | અપીલ અધિકારી કે નામદાર કોર્ટના મનાઇ હુકમ અમલમાં હોવાના કારણે |
| (૪) | ઘણીવાર વારસાઇ નોંધોના પેઢીનામામાં તમામ વારસદારોના નામો ન હોવાના કારણે |

----------